# નગરની શાળાઓમાં ગુરૂભક્તિનો રંગ છવાયો

## વિદ્યાર્થીઓએ ગુરૂભક્તિ, ગુરૂવંદના અને ગુરૂપૂજનના કાર્યક્રમો યોજાયા : વક્તવ્યો, નાટક, ગીતો અને નૃત્યો પણ રજુ કર્યા

ગાંધીનગર, તા. ૧૯

ગુરૂપૂર્ણિમાની ઉજવણી અન્વયે આજે નગરના શૈક્ષણિક સંકુલોમાં પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીગણે શિક્ષકોનું આદરપૂર્વક સન્માન કરી ગુરૂવંદનાની ભાવના સાથે આશીર્વચન મેળવ્યા હતા. વિદ્યાર્થીઓએ ગુરૂનુ મહીમા વર્ણવતા વક્તવ્યો પણ આપ્યા હતા. નગરની શાળાઓમાં ગુરૂવંદના, ગુરૂભક્તિ અને ગુરૂપૂજનના કાર્યક્રમોથી ગુરૂપૂર્ણિમા મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા ગુરૂના મહત્વ દર્શાવતા નાટક, ગીતો અને નૃત્યો પણ રજૂ કરી સૌના દીલ જીતી લીધા હતા. નગરની વિવિધ શાળાઓમાં ગુરૂ પૂર્ણિમાની ઉજવણી અન્વયે વૈવિધ્યસભર કાર્યક્રમો યોજાતા ગુરૂ મહીમાનો આ દિવસ યાદગાર અને રંગારંગ બની ગયો હતો.

**● ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી**

ઈન્ફોસિટીમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી નિમિત્તે શાળાના પ્રત્યેક શિક્ષણગણનું સાદરપૂર્વક સન્માન કરી વિદ્યાર્થીઓએ આશીર્વાદ મેળવ્યા હતા. શિક્ષકોના સન્માન બાદ જહાનવી પંડ્યા, ઐશાની દવે, ધ્વનિ ગાંધી અને વિવેક જૈન સહિતના વિદ્યાર્થીઓએ ગુરૂ-શિષ્ય સંબંધોની પવિત્ર પ્રણાલિકા જાળવતા પ્રવચન કરી ગુરૂનું ગૌરવગાન કર્યુ હતુ. આ પ્રસંગે આચાર્ય ડૉ. ગગલાણી, ડાયરેક્ટર શૈલેષ પંડ્યા અને ડૉ. જયેન્દ્ર પાઠકે હાજર રહી શુભેચ્છા પાઠવી હતી.




**● સે. ૨૨, શ્રી સ્વામિનારાયણ શિશુ વિદ્યાલય**

સેક્ટર-૨૨ સ્થિત સ્વામીનારાયણ શિશુ વિદ્યાલયમાં ગુરૂપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરાઈ હતી. જેમાં ગુરૂનું મહત્વ બતાવતા ગીતો, નાટક તથા નૃત્યો બાળકો દ્વારા રજુ કરવામાં આવ્યા હતા. જેથી શાળા સંકુલનું વાતાવરણ ગુરૂભક્તિથી ગાજી ઉઠ્યુ હતુ. આ પ્રસંગે શાળાના બાળકોએ પૂજ્ય હરિવલ્લભ સ્વામીજી, પૂજ્ય રામસ્વામીજી તથા પૂજ્ય ધર્મનંદન સ્વામીજીનું ગુરૂ પૂજન કર્યું હતું. શાળાના આચાર્ય ચીનુભાઈ પટેલ અને શિક્ષકોએ પણ ગુરૂવંદના કરી હતી.

**● શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી**

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ ગાંધીનગર સંચાલિત શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી ભાટ અને શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક કોલેજોમાં ગુરૂપૂર્ણિમા નિમિત્તે વિદ્યાર્થીઓ દ્વારા પ્રોફેસરોનું કંકુ-ચોખા વડે તિલક પૂજાવિધિ કરવામાં આવી હતી. તથા વિદ્યાર્થીઓએ જીવનમાં ગુરૂના મહત્વ અંગેના વિષયો પર વક્તવ્ય અને નાટક રજૂ કર્યા હતા. કાર્યક્રમના



અંતે ડાયરેક્ટર ધર્મેશ વંડરાએ આભાર વ્યક્ત કર્યો હતો.

**● સ્કૂલ ઓફ એચિવરમાં ગુરૂ પૂર્ણિમાની ઉજવણી**

પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ સ્કૂલમાં ગુરૂ પૂર્ણિમાની ઉજવણી ભવ્યતાપૂર્ણ રીતે કરાઈ હતી. જેમાં શાળાના તમામ શિક્ષકોનું વિદ્યાર્થીઓએ કંકુ તિલક અને પુષ્પ ગુચ્છ પ્રદાન કરી પૂજન વંદન કર્યું હતું. ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના અલગ-અલગ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. ગુરૂપૂર્ણિમાની ઉજવણીની સાથે આ વર્ષને ગ્રીનયર (હરિતવર્ષ) તરીકે ઉજવવાની વિધિવત જાહેરાત કરવામાં આવી હતી અને ગુરૂપૂર્ણિમાનો સમગ્ર ઉત્સવ હરિત ઉપાસનાની થીમ સાથે પ્રસ્તુતિ પામ્યો હતો. તથા સ્કૂલના ચાર હાઉસ રેડ હાઉસ, યલો હાઉસ, ગ્રીન હાઉસ અને બ્લ્યૂ હાઉસ વચ્ચે સુંદર સ્પર્ધાયુક્ત સ્કીટ અને ડાન્સના કાર્યક્રમો રજુ કરાયા હતા.



**● સે. ૭, જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય**

શ્રી જે.એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલય ખાતે આજરોજ ગુરૂ પૂર્ણિમાની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ગુરૂ વિશેનું મહત્વ સમજાવ્યું હતું. વિદ્યાર્થીઓને ગુરૂ વિશેનું મહત્વ સમજાવ્યું હતું. તથા ધોરણ ૧ થી ૮માં શૈક્ષણિક વર્ષ દરમિયાન પ્રથમ, દ્વિતીય તથા તૃતીય આવનાર વિદ્યાર્થીને ઈનામ આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત શાળાના ગ્રાન્ટેડ વિભાગમાં પણ ગુરૂપૂર્ણિમાની ઉલ્લાસપૂર્વક ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે મણીભાઈ ચૌધરી, શંકરભાઈ ચૌધરી, બળદેવભાઈ ચૌધરી, મીનાબેન ચૌધરી અને સંતોકબેન ચૌધરી હાજર રહ્યા હતા.

**● સે. ૩, શ્રી સરસ્વતી વિદ્યાલય**

સરસ્વતી વિદ્યાલય ખાતે ઉત્સાહપૂર્વક ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ગુરૂનો મહિમા અને નૃત્ય રજૂ કર્યા હતા તથા અંગ્રેજી માધ્યમના બાળકોએ વેશભૂષા દ્વારા સત્યનો સંદેશો



પાઠવ્યો હતો. શાળાના વિદ્યાર્થીઓએ ગુરૂજનોને તિલક પૂજા કરી આશિર્વાદ લીધા હતા. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી દિપકભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

**● શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી**

ગુરૂપૂર્ણિમા નિમિત્ત શાળાના આચાર્ય યુવરાજસિંહ વાઘેલાએ ગુરૂમહિમા વિષે વિસ્તૃત માહિતી વિદ્યાર્થીઓને પુરી પાડી હતી. જેનો લાભ વિદ્યાર્થીઓએ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા મેનેજીંગ ટ્રસ્ટી અર્જુનસિંહ વાઘેલા, શોભનાબા વાઘેલા, ઉપાચાર્ય નરેન્દ્રસિંહ ચૌહાણ અને મોતીસિંહ સૂરાવત તેમજ શિક્ષણગણ ઉપસ્થિત રહ્યા હતા.

**● અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ**

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન એ.એ. પટેલ કોમર્સ કોલેજમાં ગુરૂપૂર્ણિમાની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ભારતીય સંસ્કૃતિ અને પરંપરાને ધ્યાનમાં રાખીને પૌરાણિક ગુરૂઓ, મહાઋષિઓ તેમજ અર્વાચીન ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ વિશે દરેક ક્લાસ દ્વારા વિવિધ પ્રસ્તૃતિઓ કરવામાં આવી હતી. તથા સંસ્થાના પ્રેરણાદાયી પૂજ્ય છગનભાના જીવનની ઝાંખી પણ વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્થાપિત કરાઈ હતી. કોલેજના આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝા અને અધ્યાપકોને કંકુ-તિલક કરવામાં આવ્યું હતું.

**● મોટા ચિલોડા ખાતેની ઓમ લેન્ડમાર્ક સ્કૂલમાં ગુરૂપૂર્ણિમા**

મોટા ચિલોડા સ્થિત ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ગુજરાતી માધ્યમિકમાં ગુરૂપૂર્ણિમા અંતર્ગત 'ગુરૂવંદના' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન વિદ્યાર્થીઓએ શિક્ષકોનું પૂજન કર્યું હતું. ત્યાર બાદ આપણા જીવનમાં ગુરૂનું મહત્વ વિષય પર નિબંધલેખન સ્પર્ધાનું આયોજન પણ કરાયુ હતુ. જેમાં ઉત્સાહભેર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

**● શ્રી એમ.એચ. વિદ્યામંદિર**

ડભોડા સ્થિત શ્રી એમ.એચ. વિદ્યામંદિર ખાતે ગુરૂપૂર્ણિમા પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શિક્ષકોએ ગુરૂનો મહિમા અને મહત્વ વાર્તા દ્વારા સમજાવવામાં આવ્યો હતો. બાળકોએ ભજન અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં શાળાના ૯૬૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર સંચાલન દલસંગભાઈ ચૌધરી અને હરેશભાઈ ખાચર દ્વારા કરવામાં આવ્યું હતું.

**● મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટસ કોલેજ**

એમ.પી. શાહ એજ્યુ. સોસા., કડી સંચાલિત શ્રીમતી મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટસ કોલેજમાં સંસ્કૃત વિભાગની વિદ્યાર્થીનીઓ દ્વારા વ્યાસજયંતીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગીતાના શ્લોક-ગાન, વેદવ્યાસનું જીવન ગુરૂમહિમા, દત્તાજીયના ચોવીસ ગુરૂઓ, ભગવદ્ગીતાનો કર્મયોગ તથા ભક્તિયોગ, ધૌમ્યુનિનો પાંડવોને ઉપદેશ સહિતના વિષયો પર છાત્રાઓએ વક્તવ્યો આપ્યા હતા. આ પ્રસંગે આચાર્યા ડૉ. હિનાબેન પટેલ, સંસ્કૃત વિભાગના અધ્યક્ષા ડૉ. વંદનાબેન ઠક્કર અને પ્રાધ્યાપક ડૉ. એમ.વી. પટોલિયા હાજર રહ્યા હતા.



**● ચિલોડા શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક શાળા**

ચિલોડા સ્થિત શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક શાળામાં ગુરૂપૂર્ણિમા મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આચાર્ય માનસિંહભાઈ ચૌધરીએ વિદ્યાર્થીઓને જીવનમાં ગુરૂનું મહત્વ શુ છે તે સમજાવ્યું હતુ. શાળાના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં કાર્યક્રમનો લાભ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક મનુભાઈ દેસાઈએ કર્યું હતું.

**● સેક્ટર-૩-એ-ન્યુ**

સેક્ટર-૩-એ-ન્યુના બગીચા ખાતે ગુરૂપૂર્ણિમા નિમિત્તે યોગ પરિવાર દ્વારા ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરાઈ હતી. જેમાં યોગ ગુરૂ રમેશભાઈ પંડ્યાનો સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં યોગાના તાલીમાર્થીઓ હાજર રહ્યા હતા.



વૃક્ષારોપણ : ગુરુપૂર્ણિમાની પાવન પ્રભાતે ગાયત્રી પરિવાર દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. વૃક્ષનું પૂજન અર્ચન કરી ભાવપૂર્વક વૃક્ષારોપણ કરાયું હતું.

# માણસા મામલતદાર કચેરી ખાતે કોબ્રા સાપ મળી આવ્યો

ગાંધીનગર, તા. ૧૯

માણસા મામલતદાર કચેરી ખાતે આજ રોજ સવારે ૧૧ના સુમારે પરિસરમાં આવેલ બગીચા ખાતે અચાનક એક સાપ નાગરિકોની નજરે જોવા મળતાં જ ધમાચકડી મચી જવા પામી હતી. બગીચામાં સ્થિત વૃક્ષની બખોલમાં ઝેરી ગણાતા કોબ્રા સાપને જોઈ ડગાઈ ગયેલાં કર્મચારીઓ અને નાગરિકોએ સાપ પકડનાર નિષ્ણાત એવા નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર હિતેન્દ્રભાઈ ચારણને તત્કાલ બોલાવી દીધા હતા. એસ.આઈ. ચારણ અને જીવદયાપ્રેમી મામલતદાર જેઠવાએ ખૂબ જ જહેમત ઉઠાવીને સાપને પકડી લીધો હતો. પર્યાવરણ ક્ષેત્રે સક્રિય કાર્યરત એવી સેવાભાવી સંસ્થા ગ્રીન માણસા રિવોલ્યુશનના પ્રકૃતિપ્રેમી સમાજસેવી રાકેશભાઈ પ્રજાપતિ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલ અને સાહસિક સેવાભાવી ચારણના સહકારથી સદર જીવિત સાપને શહેરથી દૂર સલામત સ્થળે મુકી અવાયો હતો.

ચોમાસાની ઋતુમાં ખોરાકની શોધમાં બહાર ધસી આવતા નિશાચર પ્રાણીઓ પૈકી એક એવા કોબ્રા સાપ મળી આવવાની માણસા ખાતે એક જ સપ્તાહમાં આ ત્રીજી ઘટના છે. તાજેતરમાં ગોપાલનગર વેણમાં મળી આવેલ કોબ્રાને નગરપાલિકાના કર્મચારી પી.આર. રાવળે કાબેલિયતપૂર્વક પકડીને સુરક્ષિત સ્થાને તેને છોડવામાં આવ્યો હતો.



# લ્યો બોલો... ડેપોમાં તો ગઠીયાએ પીએસઆઈનું પર્સ પણ ન છોડયું...!

### પોલીસ ભવન આઈ.બી.માં ફરજ બજાવતા મહિલા પીએસઆઈના પર્સની ગાંધીનગર ડેપોમાં તફડંચી : પીએસઆઈ લીમડી કોર્ટે મુદતમાં જઈ રહ્યા હતા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર એસ.ટી. ડેપોમાં મુસાફરોના ખિસ્સા કપાયાના અને પાકીટ ચોરીના સંખ્યાબંધ બનાવો બનતા રહે છે. પણ હદ તો ત્યાં થઈ કે આ ગઠીયાઓએ મહિલા પીએસઆઈના પર્સને પણ છોડયું નહી..! એક મહિલા પીએસઆઈ ગઈ કાલે સવારે લીમડી કોર્ટમાં હાજરી આપવા જવા ડેપોમાં બસની રાહ જોઈ રહ્યા હતા તેમના પર્સને ખેંચીને ગઠીયો ફરાર થઈ જતા સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા પામી છે.

શહેરના સરકારી મકાનમાં રહેતા અને પોલીસ ભવન આઈ.બી. શાખામાં નોકરી કરતા મહિલા પીએસઆઈ સરોજબેન બળવંતસિંહ પટેલીયા ગઈ કાલે સવારે સાત વાગ્યે ગાંધીનગર એસ.ટી. ડેપોમાં બસની રાહ જોઈને ઉભા હતા તેમને લીમડી કોર્ટમાં મુદતમાં જવાનું હતું. ગાંધીનગર સરખેજ બસના પ્લેટફોર્મ પર બસની રાહ જોઈને મહિલા પીએસઆઈ ઉભા હતા ત્યારે તેમનું લાલ રંગનું લેડીઝ પર્સ તફડાવીને ગઠીયો રફફુચક્કર થઈ ગયો હતો. પર્સમાં રૂ. ૧૦,૦૦૦ની કિંમતનો સેમસંગ નોટ-૩ મોબાઈલ રૂ. ૧ હજારની કિંમતનો એક મોબાઈલ અને રૂ.૧૫૦૦ રોકડા મળી રૂ. ૧૨,૫૦૦ની કિંમતનો મુદ્દામાલ હતો. તે ઉપરાંત આધાર કાર્ડ અને એટીએમ કાર્ડ પણ પર્સમાં હતું. આ પર્સની તફડંચી કરીને ગઠીયો ફરાર થઈ ગયો હતો. મહિલા પીએસઆઈએ સે-૭ પોલીસ મથકમાં આ મામલે ફરિયાદ આપતા પોલીસે સીસીટીવી ફુટેજ મેળવી ગઠીયા સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




**ગુરુજી... તમે તો સાચે જ મહાન છો... પાપની દુનિયા છોડીને જીવતા જીવ અહી આવી ગયા...!!**



### જાહેર હરાજી - પ્રથમ તક

સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, સેક્ટર-૩/એ ન્યુ, ગાંધીનગર ખાતે ટાટા સુમો, ડિઝલ, મોડલ-૨૦૦૫ વાહનની જાહેર હરાજી તા. ૩૦/૭/૨૦૧૬ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે રાખેલ છે. વાહન દીઠ ડીપોઝીટની રકમ રૂ. ૨,૦૦૦/- છે. હરાજીની અન્ય શરતો હરાજી શરૂ કરતા અગાઉ વાંચી સંભળાવવામાં આવશે.

સહી/-

માહિતી/૯૮૯/૨૦૧૬-૧૭ એ.આર.ટી.ઓ., ગાંધીનગર

### કામધેનુ યુનિવર્સિટી

કર્મયોગી ભવન, બ્લોક-૧, વિંગ-બી, ૪થો માળ, સેક્ટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦, ફોન નં. (૦૭૯) ૬૫૭૨૧૮૧૮

**જાહેર નિવિદા-૧૧ સને ૨૦૧૬-૧૭**

કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, કામધેનુ યુનિવર્સિટી દ્વારા નીચે મુજબના કામનું ટેન્ડર અનુક્રમ નં. (૧) ફક્ત ટેન્ડર પદ્ધતિથી મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ ફક્ત www.ku-guj.org પર નીચે જણાવેલ તારીખથી ઉપલબ્ધ રહેશે તથા નીચે જણાવેલ તારીખ સુધીમાં સબમીટ કરવાનું રહેશે. ટેન્ડરમાં ખાસ શરતોમાં માંગ્યા મુજબના દસ્તાવેજો ટેન્ડર સાથે મુકવાના રહેશે. ટેન્ડર ટુ બીડ કવર સીસ્ટમથી મોકલવાના રહેશે. નિર્ધારિત તારીખ સુધીમાં બાનાની રકમ, ટેન્ડર ફી અને જરૂરી ડૉક્યુમેન્ટ શિલ્ડ કવરમાં રજુ કરવામાં નહિ આવે અથવા માન્ય ધારા ધોરણ અનુસાર નહિ હોય તો તેવા ઈજારદારશ્રીનું ટેન્ડર નોન રીસ્પોન્સીવ ગણી ટેકનીકલ અને અથવા પ્રાઈઝ બીડ ખોલવામાં આવશે નહિ.

| અ. નં. | કામનું નામ | (૧) ટેન્ડર ફી | (૨) બાનાની રકમ (૩) કક્ષા |
|---|---|---|---|
| ૧ | કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે વાહન (ભાડે) હંકારનારની સેવા પૂરી પાડવાની કામગીરી | (૧) રૂ. ૫૦૦/- | (૨) રૂ. ૧૫૦૦૦/- (૩) ટેન્ડર ડોક્યુમેન્ટમાં દર્શાવ્યા અનુસાર |

| અ. નં. | ટેન્ડર ઉપલબ્ધ થવાની તારીખ | ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ અને સમય | ટેન્ડર ડોક્યુમેન્ટ, બાનાની રકમ અને ટેન્ડર ફી, કામધેનુ યુનિવર્સિટી ખાતે હાર્ડકોપીમાં ટુ બીડ કવર સિસ્ટમથી રજીસ્ટર પોસ્ટથી બંધ કવરમાં રજૂ કરવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|
| ૧ | ૧૯/૭/૨૦૧૬ | ૧/૮/૨૦૧૬ ૧૭.૦૦ કલાકે | ૨/૮/૨૦૧૬ ૧૫.૦૦ કલાક સુધી |

ટેન્ડર મંજૂર કરવાની કે નામંજુર કરવાની તમામ આખરી સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીની અબાધિત રહેશે,

માહિતી/૧૦૦૧/૨૦૧૬-૧૭ કાર્યપાલક ઈજનેર


## પૂર્ણિમાના પાવન પ્રસંગે જિલ્લા કોંગ્રેસ દ્વારા ગુરૂપૂજન

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપક્રમે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા પંચદેવ મંદિર અને ધોળેશ્વર મહાદેવ ખાતે ગુરૂવંદનાનો કાર્યક્રમ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ સુર્યસિંહ ડાભી, પ્રદેશ પ્રવક્તા નિશિત વ્યાસ વગેરે આગેવાનોની ઉપસ્થિતિમાં ખરણા રોડ ઉપર આવેલા સિદ્ધએશ્વરી માતાજીના મંદિર ખાતે, કલોલ શહેર મહાદેવ મંદિર ખાતે, તેમજ દહેગામ ખાતે પણ સ્થાનિક આગેવાનોની ઉપસ્થિતિમાં ગુરૂવંદના-ગુરૂપૂજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ગુરૂપૂજન કરીને ગુરૂજનોનો આશીર્વાદ કોંગ્રેસ આગેવાનો-કાર્યકરોએ મેળવ્યા હતા. તથા ગુરૂ પાસે રાજ્યના વર્તમાન સમયમાં લોકોને સુખ-સમૃદ્ધ અને શાંતિ પ્રાપ્ત થાય તેવી ગુરૂપ્રાર્થના કરી હતી.

## ખૂણે ખાંચરેથી...

● ૨૦૧૭માં યોજાનાર ચૂંટણીઓ માટેની તૈયારીના ભાગરૂપે ધારાસભ્ય અશોક પટેલે તેમના વિસ્તારમાંના ગ્રામ્ય વિસ્તારોનો પ્રવાસ શરૂ કર્યો છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારીમાં પણ આજે અધિકારીઓને એ.સી. મશીન ફાળવવાનો મુદ્દો ચર્ચાયો હતો.

● ગાંધીનગર જિલ્લામાં આજે ગુરૂપૂર્ણિમા પર્વની ઉજવણી ધામધૂમથી કરાઈ હતી.

● ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદોનું પ્રમાણ વધવા પામ્યું છે.

● ગાંધીનગર જિલ્લામાં પાણીજન્ય રોગચાળો તેમજ વાહકજન્ય રોગચાળો વકરે નહિ તે માટે આજે તબીબી અધિકારીઓને સતર્ક રહી પરિસ્થિતિ પર નજર રાખવા જણાવાયું છે.

● ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિ અને જિલ્લા પંચાયતની કારોબારી આજે એક જ દિવસે યોજાઈ હતી જે યોગાનુયોગ છે.

● ગાંધીનગર જિલ્લામાં વૃક્ષારોપણના કાર્યક્રમો મોટી સંખ્યામાં યોજાઈ રહ્યાં છે.

● કોંગ્રેસ એસ.સી. સેલ દ્વારા બુધવારના રોજ સેક્ટર-૬, સત્યાગ્રહ છાવણી ખાતેથી રેલી યોજાશે.



### અટક બદલેલ છે

મારી અટક નામ બવાડીયા કેયુર બિપીનચંદ્ર હતું તે અટક બદલી પટેલ કેયુર બિપીનચંદ્ર રાખેલ છે.

લી.
પટેલ કેયુર બિપીનચંદ્ર
પ્લોટ નં. ૧૩૫૧/૧,
સેક્ટર-૫/એ, ગાંધીનગર